## જન્મદિને વધામણી



જયંતિભાઈ આઈ રાવલ
મો. ૯૭૨૪૮ ૯૧૫૦૬




રમેશભાઈ લિમ્બાચીયા
મો. : ૯૪૦૮૬૦૨૮૧૯



શ્રેયાંશ પંકજભાઈ આગજા
મો. : ૯૭૨૨૮ ૫૯૫૨૨



સૌવ્યા રવિકિરણ પરમાર



શ્રેયાંશ પંકજભાઈ આગજા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# ધોરણ-૧૦નું પરિણામ ૬૭.૫૦ ટકા

### અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૯૦.૧૨ ટકા અને ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૫.૧૬ ટકા રહ્યુ : ૬૩૭૮ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા

## પરિણામની સાથે સાથે...

| | |
|---|---|
| ઉપસ્થિત નિયમિત વિદ્યાર્થી | ૭૯૦૨૪૦ |
| પાસ થનાર વિદ્યાર્થીઓ | ૫૩૩૪૧૪ |
| એકંદરે પરિણામ | ૬૭.૫૦ ટકા |
| વિદ્યાર્થીઓનુ પરિણામ | ૬૨.૭૩ ટકા |
| વિદ્યાર્થીનિઓનુ પરિણામ | ૭૨.૬૯ ટકા |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર | ખોરાસા (૯૬.૯૩ટકા) |
| ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર | સુખસાગર(૨૭.૬૧ ટકા) |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો | સુરત (૮૦.૦૬ ટકા) |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | દાહોદ (૩૭.૩૫ ટકા) |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા | ૩૬૮ |
| એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૬૩૭૮ |
| એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૩૩૯૫૬ |
| અંગ્રેજી માધ્યમનુ પરિણામ | ૯૦.૧૨ ટકા |
| ગુજરાતી માધ્યમનુ પરિણામ | ૬૫.૧૬ ટકા |
| ગેરરીતિના કેસની સંખ્યા | ૧૨૦ |
| પરિણામ રિઝર્વ | ૬૧૫ |
| અમદાવાદ શહેરની ટકાવારી | ૭૨.૪૨ ટકા |
| અમદાવાદ ગ્રામ્યની ટકાવારી | ૭૦.૭૭ ટકા |
| કુલ કેન્દ્રો | ૯૦૮ |
| પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | ૨૩૩૪૭૬ |
| પાસ થનારની સંખ્યા | ૩૩૧૧૭ |
| પુનરાવર્તિત પાસ ઉમેદવારની ટકાવારી | ૧૪.૧૮ |
| ખાનગી-એક્સટર્નલ વિદ્યાર્થી | ૩૭૭૨૫ |
| ખાનગી-એક્સટર્નલ પાસ થનારની સંખ્યા | ૨૬૨૦ |
| ખાનગી-એક્સટર્નલ પરિણામની ટકાવારી | ૬.૯૪ |
| એક વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા | ૯૮૭૪ |
| બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૭૮૦૭ |

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ ૬૭.૫૦ ટકા રહ્યુ છે. જાહેર કરવામાં આવેલા પરિણામમાં આ વખતે સુરત જિલ્લાએ મેદાન મારી લીધુ છે. સુરત જિલ્લાનુ પરિણામ ૮૦.૦૬ ટકા રહ્યુ છે. જ્યારે દાહોદ જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૩૭.૩૫ ટકા રહ્યુ છે. પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. જુનાગઢના ખોરાસા કેન્દ્રનુ પરિણામ ૯૬.૯૩ ટકા રહ્યુ છે. પરિણામની વાત કરવામાં આવે તો આ વખતે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા માર્ક મેળવી લેનાર સ્કુલોની સંખ્યા ૩૬૮ રહી છે. આવી જ રીતે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૫.૧૬ ટકા રહ્યુ છે. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૯૦.૧૨ ટકા રહ્યુ છે. ૭૨.૬૯ ટકા વિદ્યાર્થીનિઓ પાસ થઈ છે. જ્યારે વિદ્યાર્થીઓમાં પાસની ટકાવારી ૬૨.૭૩ ટકા રહી છે. એવન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩૭૮ જેટલી નોંધાઈ છે. આવી જ રીતે એટુ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩૯૫૬ રહી છે. જિલ્લાવાર ટકાવારીની વાત કરવામાં આવે તો સુરજ જિલ્લાએ મેદાન મારી લીધુ છે. સુરત જિલ્લાનુ પરિણામ સૌથી વધારે છે. અમદાવાદ શહેરનુ પરિણામ ૭૨.૪૨ ટકા રહ્યુ છે. આવી જ રીતે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારનુ પરિણામ ૭૦.૭૭ ટકા રહ્યુ છે. જુદા જુદા કારણોસર ૬૧૫ વિદ્યાર્થીઓનુ પરિણામ અનામત રાખવામાં આવ્યુ છે. હિન્દી માધ્યમનું પરિણામ ૭૨.૩૦ ટકા રહ્યું છે. આ વખતે ગેરરીતિના ૧૦૫ કેસ સપાટી ઉપર આવ્યા છે. સીસીટીવી કેમેરા ફુટેજના અનુસંધાનમાં નોંધાયેલા ગેરરીતિના કિસ્સા ૧૨૩૧ રહ્યા છે. અન્ય કારણોસર અનામત રાખવામાં આવેલા પરિણામ ૬૭૫ રહ્યા છે. આવી જ રીતે ૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડથી પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬૫૦ રહી છે. પરિણામને લઈને ભારે ઉત્સુકતાથી રાહ જોવામાં આવી રહી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીનિઓ વધારે શાનદાર દેખાવ કરી રહી છે. આ વખતે પણ આવી જ સ્થિતી રહી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ગુજરાતી માધ્યમનુ પરિણામ ખુબ ઓછુ રહ્યુ છે. ૬૫.૧૫ ટકા પરિણામ રહેલા ગુજરાતી સમુદાયના નિષ્ણાંતોમાં ભાષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અંગ્રેજીને લઈને લોકોનો ક્રેઝ સતત વધી રહ્યો છે. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સવારે ૮.૦૦ વાગે બોર્ડની વેબસાઈટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. જીએસઈબી.ઓઆરજી પરથી પરિણામ જોવા લાગી ગયા હતા. વિદ્યાર્થીઓ સુચના મુજબ તેમની સ્કૂલમાંથી ૧૧.૦૦થી ૨.૦૦ દરમ્યાન માર્કશીટ લેવા માટે પણ પહોંચવા લાગ્યા હતા. ધોરણ-૧૦ના પરિણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજના અને ઈન્તેજારી જોવા મળી રહી હતી. આ વર્ષે ધોરણ-૧૦માં ગણિત વિષયનું પેપર ખૂબ અઘરૂ નીકળ્યું હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ રાતા પાણીએ રડયા હતા, જેની સીધી અસર ધોરણ-૧૦ના પરિણામ પર પડે તેમ હોઈ બોર્ડ સત્તાવાળાઓ દ્વારા કેટલાક પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ ૧૦માં આ પરીક્ષામાં આ વખતે ૭૯૫૫૨૮ નિયમિત વિદ્યાર્થીઓ હતા જે પૈકી ૭૯૦૨૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૬૭.૫૦ ટકા રહ્યું છે અને ૫૩૩૪૧૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. રિપીટરોની વાત કરવામાં આવે તો તેમની પાસની ટકાવારી ૧૪.૧૮ ટકા અને ખાનગી ઉમેદવાર તથા એક્સટર્નલ વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી ૬.૯૪ ટકા રહી છે. ધોરણ-૧૦માં ૭ ઝોન પર પરીક્ષા લેવામાં આવી હતી અને ૩૭ કેન્દ્ર તથા ૨૩૯ પરીક્ષા સ્થળો પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ ૧૯ના આવતીકાલના પરિણામ બાદ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૧મીએ જાહેર કરવામાં આવનાર છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૫ ઝોન, ૩૧ કેન્દ્ર અને ૧૧૭ પરીક્ષા કેન્દ્ર પર લેવામાં આવી હતી. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪,૭૬,૬૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજરાત રાજ્યના ૧૫૪૮ કેન્દ્ર પર ૧૭,૧૪,૯૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી, જેમાં અમદાવાદ શહેરમાં કુલ ૫૧૮૫૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જ્યારે અમદાવાદ જિલ્લામાં ધોરણ ૧૦ના ૩૭૮૫૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. અમદાવાદ શહેરનું પરિણામ ૭૨.૪૨ ટકા અને ગ્રામ્યનું પરિણામ ૭૦.૭૭ ટકા રહ્યું છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૨,૯૭૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.ધોરણ-૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવનાર છે.અત્રે નોંધનીય છે કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ ૧૦મી મેના દિવસે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સેમેસ્ટર પ્રથાને રદ કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનુ પરિણામ પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યુ હતુ. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અમદાવાદ શહેરનુ પરિણામ ૭૫.૨૪ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. જ્યારે અમદાવાદ જિલ્લાનુ પરિણામ ૮૨.૧૭ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગયા વર્ષે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૮૧.૮૯ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગયા વર્ષની તુલનામાં પરિણામ આ વખતે નીચે રહ્યુ હતુ. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ૧૦૦ ટકા પરિણામવાળી સ્કુલોની સંખ્યા ૪૨ નોંધાઈ હતી. જ્યારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ મેળવનાર સ્કુલોની સંખ્યા ૨૬ રહી હતી. આવી જ રીતે એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૩૮ નોંધાઈ હતી.એ ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૭૭.૨૯ ટકા રહ્યુ હતુ.



## જિલ્લાવાર પરિણામ...

| જિલ્લો | ટકાવારી |
|---|---|
| સુરત | ૮૦.૦૬ |
| જુનાગઢ | ૭૮.૩૩ |
| રાજકોટ | ૭૫.૯૨ |
| મોરબી | ૭૩.૫૯ |
| ડાંગ | ૭૨.૫૦ |
| અમદાવાદ શહેર | ૭૨.૪૨ |
| દેવભૂમિ દ્વારકા | ૭૧.૬૦ |
| જામનગર | ૭૧.૬૮ |
| મહેસાણા | ૭૧.૨૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૭૦.૭૭ |
| દમણ | ૭૦.૭૧ |
| નવસારી | ૭૦.૬૪ |
| ગાંધીનગર | ૭૦.૨૩ |
| ભરુચ | ૭૦.૧૪ |
| ભાવનગર | ૬૯.૧૭ |
| ગીરસોમનાથ | ૬૯.૧૬ |
| બોટાદ | ૬૮.૪૦ |
| કચ્છ | ૬૮.૩૦ |
| સુરેન્દ્રનગર | ૬૭.૭૬ |
| બનાસકાંઠા | ૬૬.૮૬ |
| વલસાડ | ૬૬.૫૮ |
| વડોદરા | ૬૬.૦૦ |
| અમરેલી | ૬૫.૫૧ |
| પોરબંદર | ૬૨.૮૧ |
| પાટણ | ૬૨.૦૪ |
| નર્મદા | ૬૦.૭૯ |
| આણંદ | ૬૦.૩૩ |
| સાબરકાંઠા | ૬૦.૧૩ |
| દાદરનગર હવેલી | ૫૯.૩૧ |
| પંચમહાલ | ૫૮.૪૧ |
| તાપી | ૫૮.૩૭ |
| ખેડા | ૫૮.૨૭ |
| અરવલ્લી | ૫૬.૯૫ |
| દિવ | ૫૫.૮૦ |
| છોટાઉદેપુર | ૪૯.૦૬ |
| મહિસાગર | ૪૮.૮૫ |
| દાહોદ | ૩૭.૩૫ |

## અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૯૦.૧૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૬૭.૫૦ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૦.૧૨ ટકા રહ્યું છે જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૬૫.૧૬ ટકા રહ્યું છે. આ વખતે અંગ્રેજી માધ્યમમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા પૈકી પાસ થયેલા વિદ્યાર્થીઓની ટકાવારી વધારી રહી છે. જ્યારે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પાસની ટકાવારી અંગ્રેજી માધ્યમ કરતા ઓછી રહી છે. જાણકાર નિષ્ણાંતો પણ ગુજરાતી અને હિન્દી માધ્યમમાં પરિણામની ઘટતી જતી ટકાવારી અને સાથે સાથે વિદ્યાર્થીઓની ઓછી થતી જતી સંખ્યાને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં રહેતા વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા મજબુત રહે તેમ તમામ લોકો માની રહ્યા છે. બીજી બાજુ હિન્દી ભાષાને દેશમાં વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે ત્યારે હિન્દી ભાષામાં વિદ્યાર્થીઓ ઘટી રહ્યા છે. આગામી દિવસોમાં હિન્દી અને ગુજરાતી માધ્યમને પ્રોત્સાહન આપવા માટે પગલા લેવામાં આવે તેવી શક્યતા છે.આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ એકબાજુ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છેત્યારે બીજી બાજુ જે વિદ્યાર્થીઓ નપાસ થયા છે તે વિદ્યાર્થીઓના વાલીઓમાં નિરાશા જોવા મળી હતી. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ પરિણામને લઈને જોરદાર ઉત્સુકતા રહી હતી. ઉંચી ટકાવારી મેળવનાર વિદ્યાર્થીઓ ખુશ દેખાયા હતા. ગુજરાતી માધ્યમના ૭૦૪૭૩૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી પરીક્ષામાં ૬૯૯૬૪૩ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ પૈકી પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫૫૮૯૮ રહી છે અને પરિણામની ટકાવારી ૬૫.૧૬ ટકા રહી છે. આવી જ રીતે હિન્દી માધ્યમમાં નોંધાયેલા ૧૮૬૬૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૮૫૭૦ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૪૨૬ રહી છે અને પરિણામની ટકાવારી ૭૨.૩૦ રહી છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં ૬૬૭૬૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૬૬૬૯૬ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને પાસ થયેલા ઉમેદવારોની સંખ્યા ૬૦૧૦૮ નોંધાઈ હતી. પરિણામની ટકાવારી ૯૦.૧૨ ટકા રહી છે. એકંદરે ગુજરાતી માધ્યમનું પરિણામ હિન્દી અને અંગ્રેજી માધ્યમ કરતા ઓછું રહ્યું છે જેની ચર્ચા આજે જોવા મળી હતી.

# એક નાનો ટૂકડો જ કેમ... શા માટે આખું આકાશ ન લઉં ?

સવારે ચા પીતા પીતા બાપે પુત્રને કહ્યું 'બેટા મારે અને તારી મમ્મીએ આજે નવી આવેલી ભારત-પાકિસ્તાનના ભાગલા ઉપરની ફિલ્મ જોવા જવું છે.' પુત્ર હસતાં હસતાં બોલ્યો 'પપ્પા હવે છોડોને ફિલ્મ બિલ્મ જોવાનું. આધ્યાત્મિક પ્રવચનો કે શિબિરમાં જવું હોય તો કહો. 'પિતાજી કડવો ઘુંટડો ગળી ચૂપ થઈ ગયા. આવો જ એક સીન બીજા પરિવારનો છે. પિતાએ ડાઈનિંગ ટેબલ ઉપર જમતી વેળા કહ્યું, ' આજે બહુ ગરમી છે અને કંટાળો આવે છે.' પુત્રએ તરત જ કહ્યું, ' નો પ્રોબ્લેમ, ડેડ હું 'રાજી' ફિલ્મની તમારી, મમ્મીની અને મારી ટીકીટનું બુક માય શો ઉપર બુકીંગ કરાવી લઉં છું. પેટ્રોઈટીઝમ ઉપર સરસ ફિલ્મ છે. મજા પડશે.' બે પેઢીઓ વચ્ચેના સંબંધને અભિવ્યક્ત કરતી બે પરિવારની એક જ વિષય ઉપરની ભિન્ન ભિન્ન કહાની છે.

બે પરિવારના બે પ્રસંગ જુની અને નવી પેઢી વચ્ચે તફાવતના કારણો અને તફાવત મીટાવવાના માર્ગો બન્ને મસ્ત રીતે કહી જાય છે. મનમાં સહજ પ્રશ્ન એ થાય કે, નવી અને જુની પેઢી વચ્ચે સતત ટકરાવ અને સંઘર્ષ કેમ હોય છે ? હંમેશા વૈચારિક ભેદ કેમ વમળો સર્જતા હોય છે ? બે પેઢી વચ્ચે દ્વંદ્વ કેમ હોય છે ? ક્યારેક શાંતિથી વિચારવામાં આવે તો તફાવત મિટાવવાની વાત ખુબ સાહજિક લાગે. ઘણી બધી એવી બાબતો હોય છે કે, જે એક પેઢીના લોકોને અયોગ્ય કે ખરાબ લાગે પણ એ જ વાત આવનારી પેઢીના લોકોને યોગ્ય અને સારી પણ લાગે. બ્રિટનના મહાન તત્વચિંતક જ્હોન સ્ટુઅર્ટ મીલ જનરેશન ગેપને તદ્દન સામાન્ય બાબત ગણાવતા લખે છે, ' કોઈપણ બાબત એક પેઢીને ન રૂચે પણ એ જ બાબત બીજી પેઢી માટે અત્યંત રૂચિકર પણ હોઈ શકે અને એ બાબતથી અન્યોન્ય વધુ સુવાદીત પરિસ્થિતિનું નિર્માણ પણ કરી શકે છે.'

સામાન્ય રીતે સંઘર્ષના મુખ્ય કારણ બે પેઢીની ઉર્જાના અલગ અલગ લેવલ હોય છે. નવી પેઢી યુવાન છે. યુવાની એ ઊર્જા અને ચેતનાનો પર્યાય છે. નવી પેઢી ઊર્જાવાન અને જોમ જુસ્સાથી ભરેલી હોય છે. જ્યારે જુની પેઢી ઉંમરના કારણે સ્વાભાવિક રીતે શારીરિક દ્રષ્ટિએ ઓછી ઊર્જાવાન હોય. જીવનના ઉતાર ચઢાવના અનુભવોથી જુની પેઢીના લોકો નવી વાતનો જલ્દીથી સ્વીકાર કરી શકતાં નથી. આ બાજુ નવી પેઢી નવા તરવરાટ અને ઉર્જાથી લબાલબ ભરેલી હોઈ કોઈપણ નવી વાતને ઝડપતી અપનાવી લેવામાં પળનોય વિલંબ નથી કરતી. નવું જાણવાનો, શીખવાનો, નવી વાત અમલમાં મૂકવાનો નવી પેઢી પાસે ગજબનો તરવરાટ હોય છે.

એક મિત્રના પરિવારમાં નવી કાર ખરીદવાનો નિર્ણય લેવાયો. ૮૦૦ સીસીના સેગમેન્ટમાં કોઈ નવી કાર લઈએ એવો એ મિત્રનો મત હતો. આ મિત્રના પિતાજીનો મત હતો કે કારની આવશ્યક્તા ક્યાં છે ? સ્કૂટરથી સરસ કામ ચાલે છે. જ્યારે મિત્રના પુત્રનો અભિપ્રાય હતો ૧૩૦૦ સીસીના સેગમેન્ટમાં એસયુવી ટાઈપ્સની કાર લેવી જોઈએ. આ મિત્રના પરિવારમાં એક જ બાબત ઉપર ' કલ આજ ઔર કલ ' એમ ત્રણ પેઢીના વિચારોમાં વૈવિધ્યતા છે. અહીં વૈચારિક ' તફાવત ' કરતાં વિચારોનું ' વૈવિધ્ય' વધુ ફીટ બેસે છે. મિત્રના પિતાજી વિચારે છે કે, જે કાર્ય સ્કૂટરથી ચાલી શકે ત્યાં પૈસા વાપરીને કારની જરૂર જ નથી. પૈસા બહુ મહેનતથી આવે છે. મિત્ર વિચારે છે કે, અલ્ટો જેવી ૮૦૦ સીસીની કાર લૈએ તો પરિવારમાં પાંચ સભ્યો એક સાથે પ્રવાસ કરી શકે અને વરસાદ, ઠંડી અને ગરમી જેવી ઝંઝટમાંથી પણ પરિવારને મુક્તિ મળે. ત્યારે પુત્ર એક ડગલું આગળ વિચારે છે એના વિચારમાં સ્પીડ, સલામતી અને રૂઆબનું એડિશનલ ફેકટર છે. ત્રણેય પેઢી પોતપોતાના સ્થાને બિલકુલ પરફેક્ટ છે. અહીં કોઈ 'ગેપ' કે 'ભેદ' નથી. અહીં વૈચારિક વૈવિધ્યનું પાસુ છે. એક બીજાના વિચારોનાં સરવાળા અને ભાગાકાર કરી ઉત્તમ પારિવારિક નિર્ણય આવી શકે.

મારી ક્ષમતા કરતાં ઈશ્વરે મને ઘણું આપી દીધું છે. મને માલિકે જે આપ્યું છે એનાથી હું ખુશ છું. અગાઉની પેઢીના લોકોની માન્યતા આ પ્રકારની હોય છે. નવી યુવા પેઢીને ખૂબ મેળવવું છે. ઘણું આગળ જવું છે. વડીલના આવા વિચાર સામે નવી પેઢીનુ માનવું હોય છે કે, જેટલું મળ્યું એનાથી સંતોષ માનીને બેસી રહ્યા એટલે જે ખરેખર પ્રાપ્ત કર્યું એ ક્ષમતા અને પ્રયત્નોનું અડધું પણ પરિણામ નથી. નવી પેઢીનો મંત્ર હોય છે કે, થોડામાં સંતોષ માનીને પલાઠી વાળીને શા માટે બેસી રહેવું ? એક નાનો ટૂકડો જ કેમ, શા માટે આખું આકાશ ન લેવું ?

આદી અનાદી કાળથી જુની નવી પેઢી વચ્ચેના કહેવાતા વિવાદનું એક કારણ 'પ્રશ્નાવલી' છે. નવી પેઢી જિજ્ઞાસુ છે. ખૂબ જાણવા માગે છે. નવી પેઢી પાસે અઢળક પ્રશ્નો છે. આ કામ શા રીતે કરીશું તો કેવું પરિણામ મળશે ? આ કામ આમ જ કેમ થાય ? બીજા કયા માર્ગો હોઈ શકે ? વગેરે વગેરે પાસાને લગતા પ્રશ્નો પૂછીને મહત્તમ પરિણામ મેળવવાનો નવી પેઢીનો પ્રયાસ હોય છે. જુની પેઢીને પ્રશ્નો પસંદ નથી. જુની પેઢી નવી પેઢીના પ્રશ્નોને 'પ્રોટેસ્ટ' સમજે છે. પરિણામે ટકરાવ થાય છે.

જુની પેઢીનો આશય નિઃસંદેહપણે શુભ હોય છે. વડીલો વિચારતા હોય છે, જે બાબત પાછળ અમારો સમય, શક્તિ અને નાણાનો ખર્ચ થયો છે એ જ બાબતની પાછળ નવી પેઢીના ઊર્જા નષ્ટ ન થાય. માર્ગદર્શનના ઈરાદાથી જુની પેઢી કેટલીક બાબતો ન કરવાની સલાહ આપતી હોય છે. જુની પેઢીની વાતમાં વજુદ પણ હોય છે, પરંતુ નવી પેઢી એને બિનજરૂરી ડર અને રૂકાવટ માને છે.

નવી પેઢી એમના દોસ્તો સાથે જેટલી કંફર્ટેબલ હોય છે, એટલી હળવાશ પરિવારના વડીલો, મોટા ભાઈ-બહેનો સાથે નથી અનુભવી શકતી. તદ્દન સામાન્ય વાત હોય કે મહત્વનો કોઈ નિર્ણય હોય નવી પેઢી મિત્રોની સલાહ લેવાનું વધુ મુનાસીબ માને છે. લગભગ દરેક પરિવારમાં આ બને છે. આવું કેમ બને છે, એના મૂળમાં જઈને વિચારવું પડે. બાળક જ્યારે અઢાર વીસ વર્ષનો યુવાન બને ત્યારે તે બાળક 'બાળક' મટીને એક ઊર્જાવાન ચેતનાનો ગોળો બની નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે એમ માનવું જોઈએ. બાળક સાથે બેસીને પરિવારના નાના-મોટા પ્રશ્નો અને પ્રસંગોની ચર્ચા થવી જોઈએ. નવી પેઢીના અભિપ્રાયો અને સૂચનોનું ચર્ચામાં મહત્વ હોવું જોઈએ. નવી પેઢી ખૂબ 'ઓબ્ઝર્વ' કરતી હોય છે. નવી પેઢી ખૂબ જાણવા થનગનાટ કરતી હોય છે. નવી પેઢી ઊર્જાથી ભરેલી હોય છે. નવી પેઢી પ્રકૃતિની સાથે નૃત્ય કરવા માંગે છે. જ્યાં નૃત્ય છે ત્યાં સંગીત છે. જુની પેઢી પાસે વિશાળ અનુભવનો પરિપાક છે. પ્રશ્નોની તલસ્પર્શી સમજ છે. આગળ વધવાની એકથી વધારે માર્ગોની જાણકારી છે. બન્ને પેઢી પાસે ખૂબ સરસ સમજ હોય છે. બન્નેના ભાથામાંથી ઉત્કૃષ્ટ નવસર્જનની ભરપુર સંભાવનાઓ હોય છે.

નવી પેઢી વહેવા માગે છે ત્યારે જુની પેઢી રૂકાવટ બનવાને બદલે હલેસા બની પડખે ઊભા રહે તો વાત બને. નવી પેઢી દોડવા માગે ત્યારે જુની પેઢી સરસ ઢાળ બને તો મોજ આવે, નવી પેઢી સંગીત ઉપર થીરકવા માગે ત્યારે જુની પેઢીએ સાજ બની સાથ આપવો પડે. પ્રૌઢત્વને ઉંમર સાથે લેવા દેવા નથી. પ્રૌઢત્વને વિચારો સાથે ગાઢ સંબંધ છે. અખતરાથી ડરે અને નવું કરવાથી કતરાય એ બુઢ્ઢો હોય છે. જુની અને નવી પેઢી જો વિચારધારામાં થોડું પરિવર્તન કરે તો ઘણા સંબંધો તુટતા બચાવી શકાય. ઓલ્ડ એજ હોમ અને ઘરડાઘરો સમુળગા બંધ જ થઈ જાય. સામેવાળી જનરેશનના વિચારમાં પણ દમ છે એમ માની થોડું પરિવર્તન કરવા માટે બન્ને પેઢીની સજ્જતા જોઈએ. સામેવાળી જનરેશનની વાતમાં વજુદ છે માત્ર આપણી અપેક્ષાઓથી થોડી અલગ વાત છે, એવી સમજણ પિતા-પુત્ર, માતા-પુત્રી, સાસુ-વહુની જનરેશનને સ્નેહ, સદભાવ અને સૌજન્યના મજબૂત તાંતણે બાંધી જીવનભર ખુશીઓ લાવી જીવનમાં જમાવટ કરશે.







આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

**ધબકાર**

દરેક પેઢી પોતાને આગલી પેઢી કરતા વધુ ઉર્જાવાન-તેજ રવિયા અને આવવાવાળી પેઢી કરતા વધુ બુધ્ધિશાળી સમજે છે.